કેમેરા ઓન

# બડી 'સયાની'



અભિનય ક્ષમતા હોવી એક વાત છે. અભિનેત્રી તરીકે સૌંદર્યવાન હોવું તે બીજી વાત છે પણ પ્રેક્ષકોની નજરે ચડી જવું તે તો આ બંનેથી ય વધુ ખાસ વાત છે. આના માટે તમારાં થોડું સાહસ પણ હોવું જોઈએ. સયાની ગુપ્તામાં તે છે. મૂળ કોલકાતાની પણ અભિનય શીખવા ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઓફ ઈન્ડિયામાં ગઈ. ત્યાં ભણો એટલે હિન્દી અને સિનેમાની ભાષા બંને શીખી જાવ. આનો લાભ એ થયો કે તેની કારકિર્દી હિન્દી ફિલ્મોમાં જ આગળ વધી. તેણે એકાદ બંગાળી ફિલ્મમાં જરૂર કામ કર્યું પણ તે જાણતી હતી કે વધુ બંગાળી ફિલ્મોમાં કામ કરીશ તો બંગાળી અભિનેત્રીનો સિક્કો લાગી જશે. સયાની સ્પષ્ટ હતી એટલે આજે હિન્દી ફિલ્મોમાં તેની એક જગ્યા છે. તમે તેને 'માર્ગારિટા વિથ અ સ્ટ્રો' ફિલ્મમાં જોઈ હશે જેમાં તે અંધ પાકિસ્તાની-બાંગ્લાદેશી એક્ટિવિસ્ટ છે જે લેસ્બિયન છે. લોકો જરા ભડકી તો જાય. સયાની તેના નામ પ્રમાણે જ સયાની છે. તેની પહેલી ફિલ્મનું જ નામ હતું 'સેકંડ મેરેજ ડોટ કોમ' બીજી ફિલ્મ હતી 'શુરૂઆત કા ઈન્ટરવલ' ત્રીજી 'માર્ગારિયા વિથ એ સ્ટ્રો', ચોથી અભિનેત્રીઓ કેન્દ્રી 'પર્ચેડ' જેનો નિર્માતા અજય દેવગણ હતો. સયાની ગુપ્તાની આ બધી જ ફિલ્મો સેન્સિબલ હતી ને ચર્ચા કરવી પડે તેવી હતી. પણ શાહરૂખ ખાન સાથેની 'ફેન'માં તે શાહરૂખે ભજવેલી બે ભૂમિકામાંની એક આર્યનની તે મેનેજર હતી. નામ સુનયના. એજ રીતે 'જોલી એલએલબી-2'માં અક્ષય કુમાર તો છે પણ તે દિલ્હીની ભૂતપૂર્વ પોલીસ કોન્સ્ટેબલ બની હતી. સયાનીને સારી ભૂમિકા સાથે સારી ફિલ્મો મળી છે. રણબીર કપૂર-કેટરીના કૈફ અભિનીત 'જગ્ગા જાસૂસ'માં પણ તે હતી. ફિલ્મની કાસ્ટ ક્રેડિટમાં ક્યારેક બીજા, ક્યારેક ત્રીજા, ક્યારેક પાંચમાં ક્રમે પણ હોય પરંતુ તે આ ઉપર નીચે થતા ક્રમને એક્ઝસ કરી લે છે. શાહરૂખ રણબીર જેવા સ્ટાર હોય તો નીચે ચાલે. પરંતુ તેની કારકિર્દી અટકી નથી. 'આર્ટિકલ 15'માં તે આયુષ્યમાન ખુરાનાની સમાંતરે હતી. હવે તે 'ખ્વાબોં કા ઝમેલા'માં પ્રતિક બબ્બર સાથે આવી છે. પ્રતિકની જેમ તે પણ તેની ક્રેડિટમાં કમબેક કરે છે. આ એક રસપ્રદ વિષય ધરાવતી ફિલ્મ છે જો લોકોને ગમી તો સયાની ચર્ચાશે. બાકી તેની પાસે 'ધ વેનિશીંગ એક્ટ' ફિલ્મ પણ છે. 'વેર ધ વિંડ્સ બ્લો'માં તેની મુખ્ય ભૂમિકા છે. એટલે નક્કર ભૂમિકાથી તે આગળ વધી રહે છે. વેબસિરીઝમાં તે તે સારી ભૂમિકા ભજવી ચૂકી છે. આ વર્ષે કોલ મી બે'માં પણહતી. જોકે તે કહે છે કોલમી સયાની. ●

> **સયાનીને સારી ભૂમિકા સાથે સારી ફિલ્મો મળી છે. રણબીર કપૂર-કેટરીના કૈફ અભિનીત 'જગ્ગા જાસૂસ'માં પણ તે હતી. ફિલ્મની કાસ્ટ ક્રેડિટમાં ક્યારેક બીજા, ક્યારેક ત્રીજા, ક્યારેક પાંચમાં ક્રમે પણ હોય પરંતુ તે આ ઉપર નીચે થતા ક્રમને એક્ઝસ કરી લે છે**

ફર્સ્ટ ટેક

# સપનાં સાચાં કરવાની જીદમાં પ્રતીક



પ્રતીક બબ્બર કે જેણે પ્રતીક રાજ બબ્બર નામ લખાવવું જોઈએ એવી ધારણાને તોડી પ્રતીક (સ્મિતા) પાટિલ બબ્બર નામ લખાવે છે તેના પ્રત્યે સહાનુભૂતિથી જોવું જોઈએ? જોવું જોઈએ. તે ફિલ્મજગતમાં અભિનેતા તરીકે ગોઠવાવાનો સતત પ્રયત્ન કરે છે. જો તે પોતાના આ સંઘર્ષ વિશે ફિલ્મ બનાવે તો શકય છે કે રાજ બબ્બર તેમાં પિતા નહીં વિલન તરીકે પ્રગટ થાય. આમ તો આપણા સમાજમાં રાજ બબ્બરે કોઈ સામાજિક અપરાધ કર્યો છે એવું નહીં સહેશે. ફમ સ્મિતા પાટિલ સાથે પ્રેમમાં પડયો તો પત્ની નાદિરા બબ્બરને બાળકો સહિત છોડી દીધેલી. સ્મિતા પાટિલ સાથેના રિલેશનમાં જે બાળક જન્મ્યો તે પ્રતીક અને સ્મિતા મૃત્યુ પામી તો સ્મિતાથી થયેલા દીકરા (પ્રતીક)ને છોડીને રાજ બબ્બર ફરી નાદિરા બબ્બર સાથે ગોઠવાઈ ગયો. મા વિનાના થયેલા પ્રતીકે પિતા વિનાનાંય થવું પડયું. કહો કે, નોંધારો થઈ ગયો. કોઈ પણ દીકરાને આ વાતનો ગુસ્સો તો આવવો જ જોઈએ. અરે,પ્રતીક તો માનસિક રીતે એટલો પડી ભાંગ્યો કે લાંબો સમય ડોકટરની ટ્રીટમેન્ટ ચાલી અને પરિણામે તેની અભિનેતા તરીકેની કારકિર્દીને બહુ જ નુકસાન થયું. બાકી પ્રતીક 2008ની 'જાને તુ યા જાને ના ફિલ્મથી છે એટલે કે 16 વર્ષથી તેના અભિનયની પ્રશંસા પણ થતી રહી છે. 'મુંબઈ ડાયરીઝ', 'દમ મારો દમ', 'આરક્ષણ', 'માઈ ફ્રેન્ડ પિન્ટો' કે જેમાં કલ્કી કોચેલીન સાથે પિન્ટોની ભૂમિકા તેણે જ ભજવેલી. અરે, ત્યાર પછી 'ઈશ્ક'માં તે અમાયરા દસ્તૂર સાથે હીરો જ હતો. 'એક દિવાના થા'માં તેની હીરોઈન એમી જેકસન હતી. હા, તેની ફિલ્મો ટોપ હીરોઈન સાથે નહોતી આવતી. જે ફિલ્મો શાહરૂખ ખાન કે સલમાન કે રણબીર કપૂર સાથે બનવાની હોય તેના વિકલ્પમાં પ્રતીક પસંદ થાય તેવું હતું. પ્રતીક પાસે એવી બોડી, એવા લુકસ, એવી સહજ સ્ટાઈલ નથી પણ તે ઓછા બજેટની ફિલ્મોમાં હીરો તરીકે ગોઠવાઈ રહ્યો હતો. પણ અંગત મથામણને કારણે કારકિર્દી ધીમી પડી અને પછી તો 'મુલ્ક' જેવી ફિલ્મમાં યા બાગી-2માં નાની અથવા સમાંતર ભૂમિકામાં ખસવું પડયું. મોટા સ્ટાર્સવાળી ફિલ્મમાં નાની ભૂમિકા કરો તો બધા માનવા માંડે કે હવે આને નાની ભૂમિકા પણ ચાલે છે. તેણે 'બચ્ચન પાંડે'માં પણ અક્ષય કુમાર સામે નાની જ ભૂમિકા કરી હતી અને હવે તેની 'ખ્વાબોં કી ઝમેલા' ફિલ્મ આવી છે જેમાં તે સાયાની ગુપ્તા સાથે ફરી મુખ્ય ભૂમિકામાં પ્રતીક માટે આ સારી વાત કહેવાય. જો કે ફિલ્મ રજૂ થયા પછી જ કહેવું કે વાત ખરેખર સારી છે? તે અત્યારે ફરી કામમાં વ્યસ્ત થઈ ગયો છે. તેની પાસે સલમાનખાન સાથેની 'સિકંદર' છે અને સની દેઓલ, અભિષેક બચ્ચન, જહોન એબ્રાહમ સાથેની 'શૂટાઉટ એટ ભાયખલા' છે કે જે કદાચ આ મહિને રજૂ પણ થાય. તેની પાસે 'લાયોનેસ', 'ઈમેજિનરી રેન', 'વો લડકી હૈ કહાં' છે. એટલે કે એક વધુ સ્વસ્થ પ્રતીક જોર કરી રહ્યો છે. આ 28 નવેમ્બરે જ 38નો થનારો પ્રતીક સાન્યા સાગરને પરણેલો પણ 2019થી 2023નું લગ્ન જીવન રહ્યું અને હવે પ્રિયા બેનરજી સાથે એંગેજડ છે. સાન્યા પહેલાં તેને એમી જેકસન સાથે સંબંધ હતા. ●

# હવે એટલું 'અનુપમ' નથી રહ્યું?



અનુપમ ખેરનું ચાલે તો મુવી કેમેરા સામે જ સુઈ જાય, મુવી કેમેરા સામે જ બ્રશ કરે, સ્નાન કરે. હા એ બધુ કરવાના તે પૈસા વસુલશે. અનુપમ ને એવી એક ટેવ પડી છે કે તે કાયમ ગણાવ્યા કરે છે કે તે સતત ફિલ્મોમાં કામ કર્યું. 450 સુધી પહોંચવામાં છે અને 500નો આંકડો પણ પાર કરશે. ફિલ્મોમાં અભિનય કરે છે કે ક્રિકેટ રમે છે તે જ ખબર નથી પડતી. સ્કોર પર આટલું ધ્યાન આપવાનું ન હોય. અનુપમની ફિલ્મો ભલે વધતી રહેતી હોય પણ તેણે અભિનેતા તરીકે હવે જાણે કશું હાંસલ કરવાનું હોય તેવું બહુ લાગતું નથી હમણાં 'ધ સિગ્નેચર' માં તેની મુખ્ય ભૂમિકા હતી છતાં તે ખાસ પ્રભાવ મુકી શક્યા નથી. વાર્તા બહુ સારી હતી પણ ફિલ્મ માટે નહોતી. અનુપમે તોએ ફિલ્મ કે.સી. બોકડિયા સાથે નિર્મીત કરી હતી. હા, 'કાગઝ-2'માં તેની સારી ભૂમિકા હતી. આ વર્ષે અનુપમની છ ફિલ્મો આવી ચુકી છે અને સાતમી 'વિજય 69' સામે છે. આ ફિલ્મમાં પણ તે કેન્દ્રિય ભૂમિકામાં છે ફિલ્મનું નામ 'વિજય 69' અને ખરેખરી જિંદગીમાં પણ અનુપમ અત્યારે 69 વર્ષનો જ છે ફિલ્મમાં તે આ સાયકલ સ્પર્ધામાં ભાગ લે છે અને આ સ્પર્ધા તેના માટે જિંદગી મોતની સ્પર્ધા સમી છે લાગે છે અનુપમ ફરી પાછો વળશે. કોઈપણ અભિનેતાની કારકિર્દી ત્યારેજ આગળ વધે છે જયારે રજૂ થતી ફિલ્મમાંની તેની ભૂમિકા લોકોના મોઢે ચર્ચાવા માંડે અને કહેવા માંડે કે વાહ, કમાલ કરી. બાકી રેગ્યુલર રીતે કામ કરતા રહેવું તો સ્કોરબોર્ડ માટે જ હોય શકે. અનુપમને કેન્દ્રમાં રાખી આખી ફિલ્મ વિચારાતી હોય તે તેની સફળતા છે પણ તેણે પૂરવાર કરવાનું રહે છે કે હજુ તેનામં 'સારાંશ' જેવો દમ છે. અનુપમ તો 'ઈમરજન્સી' રજૂ થવાની પણ રાહ જોતો હશે. છેલ્લા ઘણા વર્ષથી તે શાષકપક્ષ તરફે બોલવા-ચાલવાનું કામ કરે છે. જો કે ધંધાની વાત હોય તો તે પરદા પર મનમોહનસીંઘ પણ બની જાય છે અને 'ઈમરજન્સી'માં તો જયપ્રકાશ નારાયણની ભૂમિકા કરી છે. એ ફિલ્મ જો કે એટલા બધા રાજનેતાઓનાં પાત્રથી ભરેલી છે કે પ્રેક્ષકો કયા રાજનેતાની ભૂમિકામાં કયો અભિનેતા કે અભિનેત્રી કેવા લાગ્યા તે જોવો મળશે. અનુપમ માટે એ પણ એક પ્રકારની કસોટી જ હશે. બાકી તે તો 'ધ દિલ્હી ફાઈલ્સ' માટે પણ તૈયાર છે અને તે ફિલ્મ પણ ઈન્દિરા ગાંધી સમયની કોંગ્રેસ અને શાસકો સામે એક કેસ જેવી જ ફિલ્મ છે. અનુપમ શું અભિનયથી વધુ વિવાદાસ્પદ વિષય અને પાત્રોથી પોતાને ઓળખાવવા માંગે છે? સારા દિગ્દર્શકો હોય તો ઉત્તમ અભિનય માટે તે કાંઈ પણ કરી શકે છે. અને સની દેઓલ અભિનીત 'ફતેહ સીંઘમમાં અનુપમના દિગ્દર્શક રાજકુમાર સંતોષી છે. 'એલર્ટ '24X7'માં તે સંજયદત્ત સાથે છે. પણ 'ધ ઈન્ડિયા હાઉસ'માં ફરી તે આઝાદી પૂર્વેના સમયની રાજકીય ભૂમિ પર ઊભો છે. અનુપમ ખેર શું શુદ્ધ અભિનેતા નથી રહ્યો? ●

એક્ટર્સ લાઈફ

# નવા સ્ટાર્સનાં ધમાકા, (સૂરસૂરીયા) સુપરસ્ટાર

**આ બધુ જોતા એવુ લાગે છે કે શું હવે કોઈ સુપરસ્ટાર નહિ બને? જેના નામે બોક્સઓફિસ છલકાઈ જતી, 50-75 અઠવાડિયા તેમની ફિલ્મો ચાલતી! જેના મરવાથી થિયેટરો ખાલી થઇ જતા, જેના ઘાયલ થવાથી આખા દેશમાં હવન થવા લાગે, જેની સફેદ કારને ચૂમીને લાલ કરી દેવાતી? દેશનો દરેક જુવાન તે હિરો જેવી હેરસ્ટાઈલ રાખે!**

મુવી ટાઈમ

આજથી થોડા વર્ષો પહેલા વર્ષમાં ઠીકઠાક ફિલ્મો જોતા કોઈ ભારતીયને પૂછો છેલ્લે કઈ ફિલ્મ થિયેટરમાં જોઈ? તો તેઓ કદાચ શાહરુખ, સલમાન કે આમિરની ફિલ્મોનું નામ આપે. 20 વર્ષ પહેલા પૂછો તો રાજેશ ખન્ના, અમિતાભ કે રિશી કપૂરની ફિલ્મો જણાવતે. હવે કોઈને આ સવાલ પુછાય તો કયા સુપર સ્ટારની ફિલ્મનું નામ આપે? આ સવાલનો જવાબ ઑડિયન્સની સાથે ઈન્ડસ્ટ્રીના અભિનેતા અને પ્રોડ્યુસરો પણ શોધી રહ્યા છે. આવું કેમ થયું? શું આને ફિલ્મોમાં આવેલો બદલાવ કહીશું કે સ્ટારના સ્ટારડમમાં થયેલો ઘટાડો? એક સમયે હીરોના નામથી ચાલતું બૉલીવુડ હવે સુપરસ્ટાર વાળી ઈમેજ કેમ બદલી રહ્યું છે? પાછલા વર્ષોમાં ઈન્ડસ્ટ્રીના A લિસ્ટ ગણાતા સલમાન, આમિર, પ્રભાસ, શાહરુખ, રણવીર સિંહ, અક્ષય, ઋતિક જેવા સ્ટાર્સની ફિલ્મનો ડેટા જોઈએ તો જાણ થશે કે પાછલા 4-5 વર્ષોથી તેમના ભાગે ફ્લોપનું પૂછડું લટકે છે. સુપરસ્ટાર સલમાનની છેલ્લી 2023થી 2019માં આવેલી 5 ફિલ્મ- ટાઈગર-3, કિસી કા ભાઈ.., અંતિમ, રાધે, દબંગ 3, ભારત, આ બધી ફિલ્મ ફ્લોપ ગયા પછી તો સલમાને બ્રેક જ લઈ લીધો છે. આવો જ હાલ આમિરનો છે, 5 વર્ષમાં 2 ફિલ્મ આવી, ઠગ ઓફ હિન્દુસ્તાન અને લાલસિંહ ચડ્ઢા, બંને ફ્લોપ. પોતાને પૅન ઈન્ડિયા સુપરસ્ટાર ઓળખાવતા પ્રભાસની બાહુબલી પછી આવેલી સાહો, રાધેશ્યામ, આદિપુરુષ, સાલાર, કલ્કી ફ્લોપ જ રહી, એકધારી હિટ આપવા માટે ફેમસ ખિલાડી અક્ષય પણ ક્લિનબોલ્ડ થયો. તેણે સાઉથની રીમેક, પૃથ્વીરાજ જેવી બાયોપિક, દેશભક્તિ, સ્પાય, કોમેડી લગભગ બધી જ પ્રકારની ફિલ્મો કરવાની કોશિશ કરી પણ ફ્લોપ! 'પઠાણ' શાહરુખ માટે આ વર્ષ 'જવાન' રહ્યું. રણવીરની ફિલ્મે કમાણી કરી પણ તેનું નામ નહીં થયું, કમલ હસનની હિન્દુસ્તાની -2 કે દેવરા-1 જેવી સુપરસ્ટાર ફિલ્મો પણ ફ્લોપ જ રહી. તો સ્ત્રી-2, મુંજિયા, કિલ, ચંદુ ચેમ્પિયન, લાપતા લેડીઝ, આર્ટિકલ 370, મેદાન જેવી નોન સ્ટાર, યંગ એક્ટરની ફિલ્મો ઑડિયન્સને ખુબ ગમી. ઈન્ડસ્ટ્રીમાં આવેલા બદલાવમાં OTT, સોશ્યલ મીડિયા, સાઉથનો વધતો પ્રભાવ, નવા કલાકારોએ મોટો રોલપ્લે કર્યો છે. હવે એ જ જુના ગીતોના રિક્રિયેશન કે એક જ ફિલ્મની એક સરખી સ્ટોરી પર 3-4 સિરીઝ, સુપરસ્ટારના એક જ જેવા કેરેક્ટર જોવાથી કંટાળેલી ઓડિયન્સ નવા કલાકારની સ્મોલ બજેટ પણ ઓરિજિનલ સ્ટોરી જોવી વધુ પસંદ કરે છે અને એટલે જ હવે પ્રોડક્શન હાઉસ પણ સુપર સ્ટાર્સની બિગ બજેટ ફિલ્મ કરતા નવા કલાકારો સાથે વધારે કામ કરી રહ્યા છે. બિગ સ્ટાર્સની ફિલ્મો આગળથી તહેવારો માટે ફિક્સ રહેતા પણ આ વર્ષે દિવાળી પર સિંઘમમાં 5 સુપરસ્ટાર સામે કાર્તિક આર્યનની ફિલ્મ આવી છે! તો રાજકુમાર રાવની ફિલ્મ 'સ્ત્રી-2' રેકોર્ડ તોડી રહી છે. આ બધુ જોતા એવુ લાગે છે કે શું હવે કોઈ સુપરસ્ટાર નહિ બને? જેના નામે બોક્સઓફિસ છલકાઈ જતી, 50-75 અઠવાડિયા તેમની ફિલ્મો ચાલતી! જેના મરવાથી થિયેટરો ખાલી થઈ જતા, જેના ઘાયલ થવાથી આખા દેશમાં હવન થવા લાગે, જેની સફેદ કારને ચૂમીને લાલ કરી દેવાતી? દેશનો દરેક જુવાન તે હિરો જેવી હેરસ્ટાઈલ રાખે! શું જાવેદ અખ્તરે કહ્યું એમ 'બૉલીવુડમાં અમિતાભ પછી કોઈ સુપર સ્ટાર નહિ બને?' ●






